<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

<u>**નંબર**</u> :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૮૧/૨૦૨૩, તા.૨૨/૦૫/૨૦૨૩

<u>**વિગત**</u> :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૫/૦૫/૨૦૨૩ થી તા.૨૧/૦૫/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય:-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ PI વી.પી. પરમારનાઓના માર્ગદર્શન હેઠળ ડીસ્ટાફ PSI એમ.એલ.સોલંકી તથા ડીસ્ટાફ પોલીસ તથા કમાન્ડ કન્ટ્રોલના પો.સબ.ઇન્સ. શ્રી પી.આર.પટેલનો સંપર્ક કરી પોરબંદર જીલ્લામાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાડેલ સી.સી.ટી.વી. ફુટેજ દ્વારા તપાસ કરાવતા શંકાસ્પદ કાર ચાલાકના રજી નંબર મેળવી તથા કાર ચાલકના નામ સરનામુ મેળવી આ કામના આરોપી સંદીપ છગનભાઇ ઓડેદરા જાતે મહેર ઉ.વ.૨૬ રહે. સીતારામનગર રામેશ્વર મંદીરની સામેની ગલીમાં વાયરલેશ ઓફીસની પાછળ પોરબંદર વાળાની પુછપરછ કરતા કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૦૩૧૯/૨૩ ગુન્હાની કબુલાત કરેલ જેથી એકસીડેન્ટનો અનડીટેક્ટ ગુન્હો ડીટેકટ કરી આરોપીને તા.૧૮/૦૫/૨૩ ના ક.૧૨/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ છે.

(૨) કમલાબાગ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ PI વી.પી.પરમારનાઓના માર્ગદર્શન હેઠળ ડીસ્ટાફ PSI એમ.એલ.સોલંકી તથા સર્વલન્સ પોલીસ વાળાઓએ લાલશાહી નાસતો ફરતો આરોપી પવનકુમાર મુંશીરામ કુંભાર (પ્રજાપતિ) ઉ.વ.૨૪ રહે. ૧૪ ડી.ઓ.એલ. તા.ઘરશાના જી.ગંગાનગર રાજસ્થાનનાઓને સર્વલન્સ સ્કવોડના પોલીસ કોન્સ્ટેબલ અક્ષયકુમાર તથા ભીમશીભાઇ દ્વારા ખાનગી બાતમીદારોથી બાતમી મેળવી પ્રયુક્તિ દ્વારા ચોક્કસ હકીકત આધારે તા.૧૮/૦૫/૨૩ રોજ ક.૨૦/૧૫ વાગ્યે સ્ટેશન ડાયરીમા એન્ટ્રી નં.૧૫/૨૦૨૩ થી નોધ કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) હાર્બર પોલીસ સ્ટેશનના હાર્બર મરીન પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા તા.૧૭/૦૫/૨૦૨૩ ના રોજ સુભાષનગરના ગોદી વિસ્તારમાં મહીલાઓની મુલાકાત લઈ સાયબર ક્રાઈમ તથા ૧૮૧ હેલ્પ લાઈન, ઘરેલુ હીંસાના બનાવ તથા મહીલાઓની છેડતીના બનાવને લગતા કોઈ પણ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલસનો સંપર્ક સાધવાનુ તથા મહીલા અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે તથા કાયદાકીય માહીતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માર્ગદર્શન આપેલ.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર